# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/એનરોલમેન્ટ/૬૪૩૮૩/૨૦૧૯**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૧૪-૦૮-૨૦૧૯**

**પરિપત્ર ક્રમાંક : ૧૫૪**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. અને બી.સી.એ., લો તથા એજ્યુકેશન કૉલેજોના આચાર્યોઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૯ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. આપની કૉલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ ફોર્મ ભરાવીને, જરૂરી બિડાણો લગાવી, નિયત પત્રક અને ફી વિદ્યાર્થીઓએ **તા. ૧૩-૦૯-૨૦૧૯ સુધીમાં કૉલેજમાં જમા કરાવવાના રહેશે. અને ત્યાર બાદ કૉલેજોએ આ કાર્યાલયમાં તા. ૧૬-૦૯-૨૦૧૯ સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.** ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

**એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી છે**

૧. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂ. ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ-અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાનાં રહેશે.

૨. જે વિદ્યાર્થીઓનાં પ્રવેશ યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દ્વારા થયા ન હોય તેવા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ કૉલેજે Online Login કરીને વિગતો Enter કરવી તથા પ્રિન્ટ આઉટ લેવી.
જે કૉલેજોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવામાં આવ્યા છે તેમને પોતાના એનરોલમેન્ટ ફોર્મ પરીક્ષા પદ્ધતિ પ્રમાણે પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીઓ પાસે ચેક કરાવી વિદ્યાર્થીના તથા આચાર્યશ્રીના સહી સિક્કા સાથે પરત લઈ નિયત સમયમર્યાદામાં કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

૩. Online એન્ટ્રી કરતી વખતે એનરોલમેન્ટ ફોર્મની ગોઠવણ પ્રમાણે જ એન્ટ્રી કરવાનું રાખવું. (ઉદાહરણ તરીકે એક નંબર ક્રમાંક આપેલા એનરોલમેન્ટ ફોર્મની એન્ટ્રી એક નંબરમાં જ કરવી ૧૦૦૧ નંબરની એન્ટ્રી ૧૦૦૧માં કરવી). કોઈપણ સંજોગોમાં એનરોલમેન્ટ ફોર્મના ક્રમાંક તથા એન્ટ્રીના ક્રમાંકમાં ફેરફાર થવો જોઈએ નહીં.

૪. એનરોલમેન્ટ ફોર્મ સાથે એચ.એસ.સી.નાં ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે મોકલવાની રહેશે.
એનરોલમેન્ટની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી ગુજરાત બોર્ડના એપ્રિલ અને મે-૨૦૧૯માં પાસ થયેલ વિદ્યાર્થીઓ, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવવાની રહેશે. તે પ્રમાંણે ૧૦૦ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૫. વિદ્યાર્થીનું એનરોલમેન્ટ ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપનાં લેવલે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

૬. કેન્દ્રીય પ્રવેશ સમિતી સિવાયનાં એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરી ઓનલાઈન એન્ટ્રી કરવાનું રાખવું. વિગતો **ઓન લાઈન એન્ટ્રી કરતી વખતે વિદ્યાર્થીનો એચ.એસ.સી. સીટ નંબર, વર્ષ અને નામ ખૂબ ચોકસાઈ પૂર્વક Enter કરવા.** તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂરી થયા બાદ ઓન લાઈન યાદી પ્રિન્ટ કરી ક્રોસ વેરીફાય કરી કાર્યાલયમાં જમા કરાવવાનું રાખવું. (વિગતો માર્કશીટમાંથી એન્ટર કરવાનો આગ્રહ છે. જેથી ભૂલ થાય નહીં).

૭. શરતી પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ ફોર્મ અલગ બંચથી મોકલવાં તેમજ તે ફોર્મ ઉપર શરતી પ્રવેશ એમ લખવાનું રાખવું.

*[P.T.O.*

૮. **ગુજરાત રાજ્ય બહારના સી.બી.એસ.ઈ. બોર્ડના** વિદ્યાર્થીઓ તેમજ અન્ય બોર્ડ (બીજી યુનિવર્સિટી)ના વિદ્યાર્થીઓ પાસેથી પી.ઈ.સી. (પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવી લેવું. અને પી.ઈ.સી. નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.

૯. એનરોલમેન્ટ ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેક (ચેક રીટર્ન થયે રૂા.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯"ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ પુરી રકમનો કઢાવવાનો રહેશે. (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)

૧૦. **એનરોલમેન્ટ ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના** :

(ક) **વિદ્યાર્થીનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોંટાડવું.** ચોંટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો. ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહીં.

(ખ) ગુજરાત બોર્ડના એપ્રિલ-જુલાઈ, ૨૦૧૯માં પાસ થયેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ પરની નિયત જગ્યાએ ક્રમ નંબર ૦૦૧થી તે અગાઉના વર્ષોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓના ક્રમ નંબર ૧૦૦૧થી અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓના ક્રમ નંબર ૨૦૦૧થી શરૂ કરીને લખવા. અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર-૩ કે ૫માં સીધો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનાં ક્રમ ૩૦૦૧થી શરૂ કરીને લખવા. **(સાથેસાથે (નવા ૩૧-૭-૨૦૧૫ના પરિપત્ર ૧૭૦ પ્રમાણે) વાર્ષિક પદ્ધતિમાંથી સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ક્રમાંક ૪૦૦૧થી લખવાં અને તેઓના વાર્ષિક પદ્ધતિના ગુણ પત્રકની નકલો સાથે મોકલવી). ક્રમ Missing કે Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિં, (પ્લાસ્ટિક કવરમાં આપવા) બે જાડા પૂંઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

(ગ) એનરોલમેન્ટ ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી. અને તેના પર એનરોલમેન્ટ ફોર્મ પરનો ક્રમ નંબર લખવો. જેથી એનરોલમેન્ટની ક્ષતિ સુધારવામાં સરળતા રહે.

૧૧. એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ **Black & Blue** પેનનો જ ઉપયોગ કરવો. શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.

૧૨. વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ લખવા ખાસ સૂચના આપવી.

૧૩. **ઓન લાઈન એન્ટ્રી કરતી વખતે Subject Combination Code ખૂબ ચીવટ પૂર્વક Enter કરવા તેમજ CBSE બોર્ડ અથવા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓના નામની Entry માર્કશીટમાં દર્શાવ્યા પ્રમાણે જ કરવી (ઉદાહરણ સ્વરૂપે નામની વિગત સામે Manshi Bhatia છપાયેલુ હોય તો માત્ર Manshi Bhatia જ Enter કરવું પિતાનું નામ ઉમેરવું કે Surname આગળ પાછળ કરવા નહીં).**

૧૪. **Online Entry** થયા બાદ કોમ્પ્યુટર જનરેટેડ યાદી બે નકલમાં આ કાર્યાલય પર જમા કરાવવાનું રહેશે.

૧૫. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો)ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૬. વિજ્ઞાન કૉલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના ઓર્ડિ. ૬૯ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ પ્રવેશ થયેથી દિન ૨૦માં પૂર્ણ કરી લેવાનું રહેશે.

૧૭. જે કોલેજોએ એનરોલમેન્ટ ફોર્મની ઓન લાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણીમાંથી વિદ્યાર્થી દીઠ દોઢ રૂપિયા (રૂપિયા ૧-૫૦ પૈસા) લેખે પ્રન્ટિંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

૧૮. **આ કાર્યલયના તા. ૦૯-૧૨-૨૦૧૬નાં પત્રાંક: ઍકે/૩૫૫૯૫/૨૦૧૬ના સંદર્ભમાં જણાવવાનું કે, સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોએ ડેવલોપમેન્ટ ફી એ એનરોલમેન્ટ ફી સાથે જ જમા કરાવવાની થાય છે. આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવર્ડિંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી ઍકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.**

કા. કુલસચિવ

પ્રતિ :

૧. યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ., બી.સી.એ., લો એજ્યુકેશન કૉલેજોના આચાર્યશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.